5. सुभाषितवैभवः

[સંસ્કૃતસાહિત્યમાં મોટા કાવ્યને 'મહાકાવ્ય' તરીકે અને નાના કાવ્યને 'મુક્તક' તરીકે ઓળખવામાં આવે છે. જેમ એક નાનકડું મોતી બહુમૂલ્ય હોય છે, તેમ આવાં નાનકડાં મુક્તકો પણ બહુમૂલ્ય છે. આવાં મુક્તકો સુભાષિત હોય છે. સંસ્કૃતસાહિત્યનો આ સુપરિચિત અને સુલલિત કાવ્યપ્રકાર પોતાનાં ચાર ચરણોમાં જીવનના બહુમૂલ્ય પાથેયને કલાત્મક રીતે પીરસી દેવાની એક આગવી વિશેષતા ધરાવે છે. આ સુભાષિતોમાંથી આદર્શ જીવન અને ડહાપણનો બોધ પ્રાપ્ત થાય છે. આવાં જ કેટલાંક બહુમૂલ્ય મુક્તકોનો-સુભાષિતોનો સંગ્રહ કરીને આ પાઠ તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત પાઠમાં ચયન કરેલાં સુભાષિતોમાં કોઈ એક વિભક્તિના પ્રયોગને જોઈ શકાય છે. આવા વિભક્તિપ્રયોગો એક બાજુ સંસ્કૃતભાષાને શીખવા માટે ઉપયોગી થઈ પડશે, તો બીજી બાજુ તે સુભાષિતમાં ઉપદેશેલા પાઠકના ગુણ, ચલાયમાન જગતમાં કીર્તિની ચિરંજીવિતા, સર્વ પાપોનું મૂળ લોભ, સ્વજન અને સાચા મિત્રની પરખ તેમજ સજ્જન અને દુર્જનની લાક્ષણિકતાઓ જેવી બાબતોને આકારિત કરી આપીને આ સુભાષિતો તમારા વ્યક્તિત્વને ઉજ્જવળ તથા ચારિત્ર્યવાન બનાવવા માટે પૂરતી પ્રેરણા આપશે.]

माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः ।
धैर्यं लयसमर्थं च षडेते पाठका गुणाः ॥1॥

चलं वित्तं चलं चित्तं चले जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिरेव हि जीवति ॥2॥



मक्षिकाः व्रणमिच्छन्ति धनमिच्छन्ति पार्थिवाः ।
नीचाः कलहमिच्छन्ति शान्तिमिच्छन्ति साधवः ॥3॥

गावो गन्धेन पश्यन्ति वेदैः पश्यन्ति ब्राह्मणाः ।
चारैः पश्यन्ति राजानश्चक्षुर्भ्यामितरे जनाः ॥4॥

दरिद्राय धनं देयं ज्ञानं देयं जडाय च ।
पिपासिताय पानीयं क्षुधिताय च भोजनम् ॥5॥

लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।
लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥6॥

तक्षकस्य विषं दन्ते मक्षिकायाश्च मस्तके ।
वृश्चिकस्य विषं पुच्छे सर्वाङ्गे दुर्जनस्य तत् ॥7॥

उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविप्लवे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥8॥

ટિપ્પણી

નામ (પુંલ્લિંગ) : पाठकः વાચક **पार्थिवः** રાજા **कलहः** ઝઘડો **चारः** ગુપ્તચર **जडः** અજ્ઞાની, મૂર્ખ **कामः** ઇચ્છા, કામના **तक्षकः** નાગ, એ નામનો સાપ **वृश्चिकः** વીંછી **दुर्भिक्षः** દુકાળ **विप्लवः** યુદ્ધ, સંગ્રામ

(स्त्रीलिंग) : मक्षिका માખી

(नपुंसकलिंग) : वित्तम् ધન, પૈસો **चित्तम्** મન, ચિત્ત, **व्रणम्** ઘા, જખમ **व्यसनम्** સંકટ, મુશ્કેલી, આપત્તિ

विशेषण : सुस्वर સારા સ્વરવાળું **पिपासित** તરસ્યું, પીવાની ઇચ્છાવાળું **क्षुधित** ભૂખ્યું **गुह्य** છૂપેલું, સંતાડવા લાયક

सर्वनाम : इतरे અન્ય લોકો

समास : जीवितयौवने (जीवितं च यौवनं च - जीवितयौवने । इतरेतर द्वन्द्व) । चलाचलम् (चलं च अचलं च - चलाचलम् । समाहार द्वन्द्व) । सर्वाङ्गे (सर्वम् च तत् अङ्गं च सर्वाङ्गम्, तस्मिन् । कर्मधारय तत्पुरुष)। शत्रुविप्लवे (शत्रूणां विप्लवः शत्रुविप्लवः, तस्मिन्। षष्ठी तत्पुरुष) । राजद्वारे (राज्ञः द्वारम् राजद्वारम्, तस्मिन्। षष्ठी तत्पुरुष) ।

क्रियापद : प्रथम गण (परस्मैपद) जीव् (जीवति) જીવવું **नि + गूह् (निगूहति)** સંતાડવું, છુપાવવું

(आत्मनेपद) : प्र + जन् > जा (प्रजायते) જન્મવું, ઉત્પન્ન થવું.

विशेष

(1) शब्दार्थ : माधुर्यम् મધુરતા, મીઠાશ **अक्षरव्यक्तिः** અક્ષરની અભિવ્યક્તિ, અક્ષરનું સ્પષ્ટ ઉચ્ચારણ **पदच्छेदः** પદોનો છેદ, પદનો વિભાગ **धैर्यम्** ધીરજ **लयसमर्थम्** લયને અનુરૂપ **गावः** ગાયો **देयम्** આપવું, આપવું જોઈએ.

(2) सन्धि : पदच्छेदस्तु (पदछेदः तु) । षडेते (षट् एते) । चलाचलमिदम् (चल-अचलम् इदम्) । कीर्तिर्यस्य (कीर्तिः यस्य) । राजानश्चक्षुर्भ्यामितरे (राजानः चक्षुर्भ्याम् इतरे) । लोभान्मोहश्च नाशश्च (लोभात् मोहः च नाशः च)। मक्षिकायाश्च (मक्षिकायाः च)। यस्तिष्ठति (यः तिष्ठति) ।

स्वाध्याय

1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चित्वा लिखत ।

(1) चलाचले संसारे किं निश्चलम् ?

(क) यौवनम् (ख) कीर्तिः (ग) वित्तम् (घ) चित्तम्

(2) के शान्तिम् इच्छन्ति ?

(क) धनिकाः (ख) पार्थिवाः (ग) साधवः (घ) नीचाः

(3) राजानः कैः पश्यन्ति ?

(क) वेदैः (ख) शास्त्रैः (ग) चारैः (घ) नेत्रैः

(4) पापस्य कारणं किम् ?

(क) अज्ञानम् (ख) क्रोधः (ग) लोभः (घ) कामः

(5) तक्षकस्य विषं कुत्र भवति ?

(क) पुच्छे (ख) सर्वाङ्गे (ग) मस्तके (घ) दन्ते

2. एकवाक्येन संस्कृतभाषया उत्तरत ।

(1) जडाय किं देयम् ?

(2) लोभात् किं प्रभवति ?

(3) वृश्चिकस्य विषं कुत्र भवति ?

3. उदाहरणानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।

उदाहरणम् : ज्ञानाय (ज्ञान, अकारान्त-नपुंसकलिङ्गम्, चतुर्थी, एकवचनम्)

(1) गुणाः .....

(2) मक्षिका .....

(3) दरिद्राय .....

(4) लोकात् .....

(5) उत्सवे .....

4. मातृभाषायाम् उत्तरत ।

(1) પાઠકના કેટલા ગુણ છે ?

(2) દરિદ્રને શું આપવું જોઈએ ?

(3) કવિ બાંધવ કોને માને છે ?

5. सन्धिविच्छेदं कुरुत ।

(1) चलाचलमिदम् ।

(2) व्रणमिच्छन्ति ।

(3) पदच्छेदस्तु ।

6. श्लोकानां पूर्तिः करणीया ।

(1) चलं चित्तं ..... स जीवति ॥

(2) दरिद्राय धनं ..... च भोजनम् ॥

પ્રવૃત્તિઓ

- સુભાષિતોની અંત્યાક્ષરીનું આયોજન કરો.
- સુભાષિત લખીને ચાર્ટ તૈયાર કરો અને સુભાષિતોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- સુભાષિતમાં પ્રયુક્ત વિભક્તિ ઓળખો.